# ગૌરવવંતી ધરતી – થરાદની

☐ લે. શ્રી ચંદ્રકાન્ત ભૂદરદાસ વોરા.

વિક્રમ સંવત ૧૦૧ માં ભીનમાલથી નીકળેલ થિરપાળ આ નગરને વસાવ્યું હતું. થિરપુર, થિરાદ, થિરાપદ્ર, થરાપદ્ર અનેક નામો આ નગરનાં રહ્યાં છે. ઈતિહાસ પ્રસિદ્ધ આ ભૂમિને 'લઘુકાશ્મીર' નું બિરુદ મળેલું છે.

થિરપાળ ધરૂનાં બહેન શ્રીમતી હરકુભાઈએ વિશાળ કાય ૧૪૪૪માં સ્તંભનું જિન મંદિર બંધાવ્યું હતું. જે આક્રમણોનો ભોગ બની ભૂમિ શરણ થયું હોય એવું સ્પષ્ટ જણાય છે. અહીંથી નીકળતી મોટી ઈંટો, પથ્થરો અને કુંભીઓ - એની એંધાણી રૂપ દેખાય છે.

થિરપાળ ધરૂના વંશજો એ સાતમી – આઠમી શતાબ્દી સુધી અહિયા રાજ્ય કર્યું. એ પછી એમના ભાણેજ નાડોલના ચૌહાણ વંશજોએ છ પેઢી સુધી રાજ્ય- ધુરાને સંભાળી. શાહબુદ્દીન ઘોરી અને કુતુબુદ્દીન ઈબરના બારમી તેરમી સદીના આક્રમણમાં ચૌહાણ વંશના છેલ્લા રાજા પુંજાજી રાણાનું મૃત્યુ થયું. એ પછી મુલતાની મુસલમાનોનું રાજ્ય પણ થયું

ધરતીનો કોઈ ધણી નથી થયો, જે થયા તે રહ્યા અને ગયા. અંતે ધરતી અહિંની અહિં જ રહી.

ઐતિહાસિક વર્ણન દેખતાં આ નગર અનેક રીતે પ્રતિભાસંપન્ન અને પ્રભાવશાળી પ્રવૃત્તિઓથી પરિપૂર્ણ હતું.

ચંદ્રકુળના આચાર્યદેવ શ્રી વટેશ્વર સૂરીશ્વરજી મહારાજાએ આ નગરના નામથી 'થિરાપદ્ર' ગચ્છની સ્થાપના કરી હતી. આ સમયમાં આ નગરી ખૂબ જ જાહોજલાલીવાળી હતી એ નિઃસંદેહ છે.

મહારાજા કુમારપાળે પણ અહિયાં વિશાળકાય જિનાલય બંધાવ્યાનો ઉલ્લેખ પ્રબંધોથી જાણવા મળે છે.

અહીંના આરાધના પરાયણ સંઘવી આભુએ શ્રી સિદ્ધાચળ તીર્થનો છ'રિ પાળતો મોટો સંઘ કાઢયો હતો. પેથડ શાહના પુત્ર ઝાંઝણ શાહ પણ સંઘ લઈને પાલિતાણા આવેલ, ત્યાં બન્ને સંઘવીનો ભેટો થયો હતો.

નાગોરથી પુનડ શ્રાવકે વિશાળ સંઘયાત્રાનું આયોજન કર્યું. સિદ્ધાચળજી જતાં થરાદ થઈને જવાનું હતું. પૂર્વ સૂચના ન હોવા છતાં જે સંઘભકિત અહીંઆં થઈ તે ઈતિહાસમાં આલેખાયેલ છે.

અહીંઆં વિશાળકાય ભગવાન શ્રી પાર્શ્વનાથનું જિનાલય હોવાનો શ્રી વિનયપ્રભ ઉપાધ્યાયશ્રીએ પોતાની તીર્થમાળામાં 'थराउद्रि पासो' લખીને કરેલ છે.

અહીંથી કડવાગચ્છીય યતિવર્ગનો ખૂબ પ્રભાવ રહ્યો છે, ૧૬, ૧૭, અને ૧૯ શતાબ્દીમાં આ ગચ્છની અહીંયા પ્રભાવકતા વિદ્યમાન હતી. ૨૦ મી સદીમાં પણ આ ગચ્છના અનુયાયી હતા. અહીંના નિવાસી બધાય જૈનો, જેની માન્યતા ત્રિસ્તુતિક સિદ્ધાન્તની હતી, 'દેવોપાસના વીતરાગવાણીથી વિપરીત પ્રવૃત્તિ છે' આ ગચ્છનો મુખ્ય ઉદ્દેશ્ય, ધ્યેય હતો.

વિક્રમ સં. ૧૯૩૬ માં કડવા ગચ્છીય શ્રી ધનજી સાજીજીએ પૂ. પા. ગુરૂદેવ પ્રભુ શ્રીમદ્ વિજ્ય રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજશ્રીને ધાનેરા મુકામે જઈ થરાદ પધારવા માટે સવિશેષ આગ્રહ કર્યો. કડવા ગચ્છની અને પૂ. પા. ગુરૂદેવશ્રીની ત્રિસ્તુતિક માન્યતાની ઐકયતાએ એમને ગુરૂદેવ પાસે જવા પ્રેર્યા હતા અને ગુરૂદેવના પદાર્પણથી સવિશેષ લાભ થવાનાં એમને ચિન્હો દેખાયાં હતાં.

પૂ. પા. ગુરૂદેવ પ્રભુશ્રીનું પદાર્પણ થરાદ સંઘના માટે ઉજવળ ભાવિની એંધાણી સમું દેખાઈ રહ્યું હતું. ગુરૂદેવશ્રી પધાર્યા થરાદ (થિરપુર)ના આંગણે. ઉત્કૃ ત્યાગ અને જ્ઞાન, ધ્યાનની સાક્ષાત્ મૂર્તિ સમા ગુરૂદેવના ચરણે શ્રીમાન સાજીજી અને સંપૂર્ણ સંઘે સ્વયંને સમર્પિત કર્યાં અને ગુરૂદેવના પાસેથી શુદ્ધ સમ્યક્ત્વ પામી જીવનને વિકાસના માર્ગે વાળ્યું. અંધકારમાં પ્રકાશને મેળવ્યો.

સં. ૧૯૪૪ ના ચાતુર્માસ પૂ. પા. શ્રીમદ્ ગુરૂદેવશ્રીનું થરાદમાં થયું. અહિં. પૂ. ગુરૂદેવશ્રીની પ્રભાવક વાણીએ પારેખ અંબાવીદાસ મોતીચંદની ભાવનાને વેગ આપ્યો. શ્રી સિદ્ધાચળ–ગિરનાર તીર્થનો છ'રિ પાળતો સંઘ ગુરૂદેવશ્રીના સાન્નિધ્યમાં નીકાળવાનો પાવન નિર્ણય થયો. પારેખ અંબાવિદાસ સંઘપતિ બન્યા. એક હજાર યાત્રીઓ આ સંઘયાત્રામાં જોડાયા હતા. ૧૨૫ વિભિન્ન ગચ્છના સાધુ સાધ્વીજી હતા.

સં ૧૯૮૪ માં પૂ. પા. આર્યદેવ શ્રીમદ્ વિજ્ય ભૂપેન્દ્ર સૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ થયું. તેઓશ્રીના સાન્નિધ્યમાં ઉપધાન થયું. અને તેઓશ્રીની શુભ પ્રેરણાથી શ્રી ધનચન્દ્ર સૂરિ જૈન પાઠશાળાની સ્થાપના થઈ જે આજ સુધી બરાબર ચાલી રહી છે

સં. ૧૯૮૫માં ઉપા. શ્રીમદ્ મુનિરાજશ્રી યતીન્દ્રવિજ્યજી મ.નું ચાતુર્માસ થયું. આપશ્રીના પ્રભાવક અને પ્રેરક પ્રવચનોએ સંઘમાં શાન્તિનું વાતાવરણ સ્થાપિત કર્યું સંઘમાં ચાલતા લાંબા ગાળાના હિસાબી વિવાદોનો અંત કર્યો.

સં. ૧૯૯૫ માં મુનિરાજશ્રી હર્ષવિજ્યજી મહારાજના વરદ હસ્તે સુથારા શેરીમાં શાન્તિનાથ ભગવાનની પ્રતિષ્ઠા થઈ અને તેઓશ્રીનું ચાતુર્માસ પણ થયું.

સં. ૨૦૦૧ માં મુનિરાજશ્રી હર્ષવિજ્યજી મહારાજના વરદ હસ્તે શ્રી આદિનાથ (ઋષભદેવ) ભગવાનની પ્રતિષ્ઠા થઈ. મુનિશ્રીનું ચાતુર્માસ પણ થયું.

સં. ૨૦૦૩ માં પૂ. પા. ગુરૂદેવ શ્રીમદ વિજય યતીન્દ્ર સૂરીશ્વરજી મહારાજનું મુનિમંડળ સહ ચાતુર્માસ ઝવેરી ભૂદરમલ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિભોવનદાસના વંડામાં થયું તથા સાધ્વીજી શ્રી કમળશ્રીજી, હેતશ્રીજીનું ચાતુર્માસ પણ થયું.

સં. ૨૦૦૪ માં પૂ. પા. શ્રીમદ્ વિજય યતીન્દ્ર સૂરીશ્વરજી મહારાજ તથા મુનિરાજ શ્રી હર્ષવિજયજી મહારાજનું ચોમાસું શ્રી સંઘ તરફથી થયું. ચોમાસા પછી શ્રી મુનિસુવ્રત સ્વામીના દેરાસરની પૂ. આચાર્યશ્રીના વરદ હસ્તે પ્રતિષ્ઠા થઈ

સં. ૨૦૦૫ માં ગુરૂણીજી શ્રી ગુલાબશ્રીજીનું ચોમાસું થયું.

સં. ૨૦૦૭ માં પૂ. પા. ગુરૂદેવ શ્રીમદ્ વિજય યતીન્દ્ર સૂરીશ્વરજી મ. નું ચોમાસું થયું. ચોમાસા પછી માહ સુદ ૬ ના રોજ શ્રી મહાવીર સ્વામી ભગવાનના વિશાળકાય બિંબની પ્રતિષ્ઠા ભવ્ય ઉત્સવ સાથે પૂ. પા. આચાર્યશ્રીના હસ્તે કરવામાં આવી એ જ મુહૂર્તમાં શ્રી અભિનંદન સ્વામીના દેરાસરની પ્રતિષ્ઠા પૂ. મુનિરાજ શ્રી હર્ષવિજયજી મહારાજના વરદ હસ્તે થઈ. સુથારા શેરીમાં પૂ. ગુરૂદેવ પ્રભુશ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મ. તથા શ્રીમદ્ ધનચન્દ્રસૂરીશ્વરજી મ.ની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી અને સોનારા શેરીમાં શ્રીમદ્ વિજય યતીન્દ્ર સૂરીશ્વરજી મહાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી

સં. ૨૦૦૮ માં સાધ્વીજી શ્રી ફૂલશ્રીજી, મગનશ્રીજી ઉત્તમશ્રીજીનું ચોમાસુ થયું

સં. ૨૦૧૧ માં પૂ. મુનિરાજ શ્રી હર્ષવિજયજી મ.નું ચોમાસું થયું અને મુનિશ્રીના સાન્નિધ્યમાં ઉપધાન તપ કરાવવામાં આવ્યું.

ગુરૂણીજી શ્રી હેતશ્રીજી, મુકિતશ્રીજીનાં ચાતુર્માસ થયાં. સાધ્વીજી શ્રી હીરશ્રીજી લાલિતશ્રીજી આદિનાં ચોમાસાં થયાં. અનેક પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિઓથી નગરમાં આનંદની છોળો ઉછળતી રહી છે.

સં. ૨૦૨૩નું ચોમાસું મુનિરાજ શ્રી શાંતિવિજયજી મુનિરાજ શ્રી જયન્તવિજયજી 'મધુકર'નું ચોમાસું થયું અને સં. ૨૦૨૮ નું ચોમાસું પૂ. પા. આચાર્ય દેવશ્રી વિદ્યાચન્દ્ર સૂરીશ્વરજી મહારાજનું થયું

સં. ૨૦૩૧ માં ૧૫૧ છોડનું ભવ્ય ઉજમણું શ્રી સંઘ તરફથી કરવામાં આવ્યું જે થરાદના ઈતિહાસમાં અવિસ્મરણીય કામ થયું.

ભવ્ય દીક્ષાઉત્સવો, અઠ્ઠાઈ ઉત્સવો, પ્રતિષ્ઠા ઉત્સવો અને ઉદ્યાપન ઉત્સવો ખૂબ સારી સંખ્યામાં અહિંયા થયેલ.

અહિંથી દીક્ષિત થયેલ પુણ્યવાન આત્માઓ:

(૧) મુનિ શ્રી ચારિત્રવિજયજી (૨) મુનિ શ્રી જયન્તવિજયજી 'મધુકર' (૩) મુનિ શ્રી પુન્યવિજયજી, (૪) મુનિ શ્રી મુકિતચન્દ્રવિજયજી.

(૧) સાધ્વીજી શ્રી મનરંજનશ્રીજી, (૨) સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી (૩) સાધ્વીજી શ્રી હીરાશ્રીજી (૪) સાધ્વીજી શ્રી ભુવનપ્રભાશ્રીજી (૫) સાધ્વીજી શ્રી પ્રેમલતાશ્રીજી. (૬) સાધ્વીજી શ્રી પૂર્ણકીરણાશ્રીજી (૭) સાધ્વીજી શ્રી કનકપ્રભાશ્રીજી (૮) સાધ્વીજી શ્રી કિરણપ્રભાશ્રીજી, (૯) સાધ્વીજી શ્રી કલ્પલતાશ્રીજી (૧૦) સાધ્વીજી શ્રી કુશલપ્રભાશ્રીજી (૧૧) સાધ્વીજી શ્રી હેમલતાશ્રીજી (૧૨) સાધ્વીજી શ્રી શશિકલાશ્રીજી (૧૩) સાધ્વીજી શ્રી શશિપ્રભાશ્રીજી

☆ ☆ ☆



પ્રકાશક : પૂજ્યપાદ મુનિપ્રવર **શ્રી જયંતવિજયજી મ. "મધુકર"**ની શુભ પ્રેરણાથી શ્રી **"રાજેન્દ્ર જ્યોતિ"** વતી **શ્રી શાંતિલાલજી સુરાણા.** રતલામ, – ૪૫૭૦૦૧. (મધ્ય-પ્રદેશ)

મુદ્રક ગુજરાતી વિભાગ : સ્ટેટ્સ પીપલ પ્રેસ, ઘોઘા સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ–૪૦૦ ૦૮૧ (ફોન નં. ૨૫૫૮૩૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org